**કામકાજના સ્થળે માહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ અંતર્ગત SHe Box પોર્ટલ પર યોગ્ય સંસ્થા/ એજન્સીને "એમ્પેનલ (માન્યતા) કરવા તેમજ વ્યક્તિગત નિષ્ણાતની પસંદગી" અંગેની સમિતિની રચના કરવા બાબત**

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: SSH/23/2022/0009/A

સચિવાલય, ગાંધીનગર

તા.**/૦૬/૨૦૨૫

**વંચાણે લીધાં :**

(૧) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય,ભારત સરકારનો તા:૭/૧૦/૨૦૨૪નો પત્ર ક્રમાંક: ww-13/06/2024-ww

(૨) જેન્ડર રીસોર્સ સેન્ટર કચેરીનો તા.૧૬.૦૬.૨૦૨૬નો પત્ર ક્રમાંક:GRC/PoSH Act-2013/ Expert Empanelment/2025-26

**આમુખ :**

કામકાજના સ્થળે મહિલાઓ સ્વમાનથી કામ કરી શકે અને તેઓ સાથે થતી જાતીય સતામણીના અટકાવ પ્રતિબંધ અને નિવારણ માટે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ અમલી બનાવવામાં આવેલ છે, આ અધિનિયમનું રાજ્ય સ્તરે કાર્યરત સરકારી અને ખાનગી કચેરી/એકમો તેમજ ઔદ્યોગિક એકમોમાં અસરકારક અમલીકરણ થાય તે માટે કાયદાની કલમ ૧૯ (સી) પ્રમાણે કચેરીના વડાએ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવાનું રહે છે.જેને ધ્યાને લઈ, દરેક રાજ્યમાં આ કાયદાના અમલીકરણ બાબતે વ્યાપક જાગૃતિ આવે તે માટે અને અમલીકરણ સાથે જોડાયેલ અધિકારી/કર્મચારીઓના ક્ષમતા વિકાસ માટે નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારોને ઘનિષ્ઠ કામગીરી કરવા નિર્દેશ કરેલ હતા.

વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના પત્ર મુજબSHe Box પોર્ટલમાં કેન્દ્ર અને રાજ્ય સ્તરે કાર્યરત એમ્પેનલ (માન્યતા) થવા ઈચ્છુક સંસ્થા/એજન્સી તેમજ વ્યક્તિગત નિષ્ણાતોએ પસંદગીના માપદંડોના આધારે પોર્ટલમાં જ ઓનલાઈન અરજી કરવાની રહે છે, જેને રાજ્ય સ્તરે નિયુક્ત "રાજ્ય નોડલ અધિકારી" દ્વારા ચકાસણી બાદ મંજુરી આપવાની રહે છે. જે અન્વયે SHe Box પોર્ટલમાં નોંધાયેલ અરજીઓની ચકાસણી કરવા માટે "એમ્પેનલ (માન્યતા) કરવા યોગ્ય સંસ્થા/એજન્સી તેમજ વ્યક્તિગત નિષ્ણાતની પસંદગી અંગેની સમિતિ" ની રચના કરવાની રહે છે જેને ધ્યાને લઈને વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી જેન્ડર રીસોર્સ સેન્ટર કચેરી દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ અંતર્ગત SHe Box પોર્ટલ પર યોગ્ય સંસ્થા/એજન્સીને "એમ્પેનલ (માન્યતા) કરવા તેમજ વ્યક્તિગત નિષ્ણાતની પસંદગી" અંગે નીચે મુજબની સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|---|
| ૧ | શ્રી હાર્દિક ભીલ | ઉપ સચિવશ્રી (મહિલા વિંગ), મહિલા અને બાળ વિકાસ વિભાગ | અધ્યક્ષ |
| ૨ | શ્રી કિશોર કાતરીયા | નાયબ નિયામકશ્રી, નિયામક મહિલા કલ્યાણની કચેરી | સભ્ય |
| ૩ | શ્રી અમિત રૂપેલા | પ્રોગ્રામ ઓફિસર, જેન્ડર રિસોર્સ સેન્ટર | સભ્ય |
| ૪ | શ્રી રાકેશ ચાવડા | જેન્ડર ડેટા એન્ડ ડોક્યુમેન્ટ/આઈટી ઓફિસર | સભ્ય |
| ૫ | શ્રી મહેન્દ્ર મકવાણા | જેન્ડર રિસોર્સ ઓફિસર | સભ્ય સચિવશ્રી |

Signature Not Verified
Signed by:J B Patel
Section Officer
Date: 2025.06.21
17:46:19 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**૨. સમિતિની કામગીરી/ભૂમિકા**

સમિતિ દ્વારા સંસ્થા/એજન્સી તેમજ વ્યક્તિગત નિષ્ણાતોને એમ્પેનલ (માન્યતા) તરીકેની પસંદગી માટે નીચે મુજબના ધારા-ધોરણોની ચકાસણી કરવાની રહે છે.

(A) *વ્યક્તિગત નિષ્ણાતની પસંદગીના ધારા-ધોરણો*

(i) મહિલાઓના અધિકારોના વિકાસ માટે પ્રતિબદ્ધ અથવા આવા મુદ્દાઓને સંબોધવામાં કુશળતા ધરાવતા હોવા જોઈએ.

(ii) ખાસ કરીને જેમણે મહિલાઓ સામે હિંસા (VAW) વિષયે કામગીરીનો અનુભવ હોય, મહિલાલક્ષી કાયદાઓ, સામાજિક કાર્ય અથવા મનોવિજ્ઞાનમાં વ્યાવસાયિક પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવાની રહેશે.

(iii) મહિલાઓના સશક્તિકરણ, મહિલાઓ સાથેની હિસાન અથવા કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અંગેની કામગીરીનો ન્યુનતમ ૫ વર્ષનો અનુભવ હોવો જોઈએ.

(B) *સંસ્થા/એજન્સીની પસંદગીના માપદંડો*

(i) મહિલાઓના અધિકારો પ્રત્યેની સ્પષ્ટ પ્રતિબદ્ધતા ખાસ કરીને મહિલાઓ સાથેની હિંસા(VAW) પર કામનો અનુભવ હોવો જોઈએ.

(ii) મહિલાલક્ષી કાયદાઓ, ખાસ કરીને POSH કાયદા પર કેન્દ્રિત તાલીમ કાર્યક્રમો, વર્કશોપ અથવા જાગૃતિ કાર્યક્રમોનું સંચાલનની અનુભવ હોવો જોઈએ.

(iii) કેન્દ્ર સરકારના "દર્પણ" પોર્ટલ અથવા "નીતિ આયોગ" આયોગ હેઠળ ફરજીયાતનોંધણી થયેલ હોવી જોઈએ.

(iv) સોસાયટી હોયતો સોસાયટી નોંધણી અધિનિયમ,૧૮૬૦ હેઠળ નોંધાયેલ હોવી જોઈએ તેમજ ચેરીટી કમીશનમાં નોધણી થયેલ હોવી જોઈએ.

(v) કંપનીઓ કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થાપિત/નોધાયેલ હોવી જોઈએ.

(૨) SHe Box પોર્ટલમાં સંસ્થા/એજન્સી તેમજ વ્યક્તિગત નિષ્ણાતોની અરજી/માહિતીની ચકાસણી કરવાની રહેશે.

(૩) સબંધિત એજન્સી/સંસ્થા કે વ્યક્તિગત નિષ્ણાતની માન્યતા માટે આવશ્યક વધારાના આધાર-પુરાવાઓ મેળવવા જેન્ડર રિસોર્સ સેન્ટરને રજૂઆત કરવાની રહેશે.

(૪) જરૂર જણાયે નિયામકશ્રી, મહિલા કલ્યાણની કચેરી અથવા જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા આયોજિત તાલીમ/સેમિનાર કાર્યક્રમોમાં વ્યક્તિગત તેમજ સંસ્થા/એજન્સીના નિષ્ણાતો દ્વારા આ વિષયની રજૂઆત દ્વારા ચકાસણી કરવાની રહેશે.

(૫) જરૂર જણાયે વ્યક્તિગત નિષ્ણાત કે એજન્સીના નિષ્ણાતની સમિતિ અથવા અન્ય નિષ્ણાત સમક્ષ ચર્ચા-વિમર્શ કરી ચકાસણી કરવાની રહેશે.

(૬) સંસ્થા/એજન્સીમાં ઉપલબ્ધ નિષ્ણાતોની યાદી અને તેઓના વિષયની જાણકારીની ચકાસણી કરવાની રહેશે.

(૭) સંસ્થા/એજન્સીના છેલ્લા ૫ વર્ષના વાર્ષિક અહેવાલ દ્વારા ઉક્ત માપદંડો પ્રમાણેની કામગીરીના અનુભવોની ચકાસણી કરવાની રહેશે.

(૮) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ન્યુ દિલ્હી તેમજ રાજ્ય સરકાર દ્વારા એમ્પેનલ અંગે સમયાંતરે કરેલ સુધારા અંગેની કાર્યવાહી કરવાનું આ સમિતિને બાધ્ય રહેશે.

(૯) સમિતિ દ્વારા કરેલ ભલામણો આધારે અંતિમ નિર્ણયનો અધિકાર The PoSH Act-2013 માટે નિયુક્ત "સ્ટેટ નોડલ ઓફિસર"નો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

જયદીપ પટેલ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by: J B Patel
Section Officer
Date: 2025.06.21
17:46:19 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**પ્રતિ,**

(૧) શ્રી હાર્દિક ભીલ, ઉપ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર

(૨) શ્રી કિશોર કાતરીયા, નાયબ નિયામકશ્રી, નિયામકશ્રી મહિલા કલ્યાણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૩) શ્રી અમિત રૂપેલા, પ્રોગ્રામ ઓફિસર, જેન્ડર રિસોર્સ સેન્ટર, ગાંધીનગર

(૪) શ્રી રાકેશ ચાવડા, જેન્ડર ડેટા એન્ડ ડોક્યુમેન્ટ/આઈટી ઓફિસર, જેન્ડર રિસોર્સ સેન્ટર, ગાંધીનગર

(૫) શ્રી મહેન્દ્ર મકવાણા, જેન્ડર રિસોર્સ ઓફિસર, જેન્ડર રિસોર્સ સેન્ટર, ગાંધીનગર

**નકલ રવાના :**

- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, ઉદ્યોગ ભવન,સેકટર-૧૧, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ
- શાખા સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by:J B Patel
Section Officer
Date: 2025.06.21
17:46:19 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign